# ભારતીય કિસાન સંઘની અ.ભા. પ્રતિનિધિ સભા–નિઝામાબાદ(તેલંગાણા) ખાતે યોજાયલ જેમાં પસાર કરવામાં આવેલ ઠરાવ
## તા.૫/૬/૭/ ફેબ્રુઆરી –નિઝામાબાદ

## ઠરાવ:(૧)ભારતમાં ખેત ઉત્પાદનની આયાતની ખેડૂત વિરોધી નીતી.

વિશ્વના વિકસીત દેશોમાં કૃષિ ઉત્પાદનોમાં ઉપલબ્ધિ બની રહે એટલા માટે ત્યાંના કિસાનોને કૃષિક્ષેત્ર માટે મોટી માત્રામાં જુદા જુદા બેનર હેઠળ સબસીડી આપવામાં આવે છે.જેનાથી બજારમાં મળતા ઓછા ભાવો પણ તેમના માટે પુરતો લાભ આપનાર થઈ રહે છે.એનાથી ઉપરાંત તેમને નિકાસ કરવા માટે પણ સબસીડી આપવામાં આવે છે.જેનાથી તે દેશોમાં વધારાનું ઉત્પાદન સસ્તા ભાવો પર નિકાસ કરવુ તેમને લાભદાયી થાય છે.વધારે જનસંખ્યાના કારણે ભારત તેમના માટે આકર્ષક બજાર છે.ભારતમાં ખેતી માટે ઓછી સહાયતા મળવાથી અહીં કૃષિ પાકોની પડતર કિંમત વધુ થાય છે.આ કારણથી તેમનું સસ્તું કૃષિ ઉત્પાદન ભારતમાં સરળતાથી વેચાઈ જાય છે.કૃષિ ઉત્પાદન ની આયાત થી આપણા દેશમાં તેના ભાવ ટેકાના ભાવથી પણ નીચે સુધી જતા રહે છે.

કેટલાક દશક પૂર્વે ભારત તેલીબીયાંના ઉત્પાદનમાં નિર્ભર થવા જઈ રહયું  હતું પરંતુ ખોટી આયાત નીતિ ના કારણે આપણે તેલીબીયાંમાં આયાત પર નિર્ભર થઈ ગયા છીએ.એવું જ હવે ચણા અને ઘઉના સબંધમાં શરૂ થઈ રહયું છે.વિદેશમાંથી મોટા જથ્થામાં ચણા બંદરો ઉપર આવી ગયા છે.દેશમાં ઘઉની કોઈજ ખોટ નથી.હવામાનની ભવિષ્યવાણી પણ અનુકૂળ છે.તેમ છતા ઘઉની આયાતનો નિર્ણય થયો.ઘઉની આયાત ડયુટીનો નિર્ણય પહેલાથી જ ઘટાડીને ૧૦% કરી દેવામાં આવેલ હતો.જે હવે આયાત ડયુટીથી મુકત કરી દેવામાં આવેલ છે.જે કિસાનો માટે કુઠારા ઘાટ સમાન બની રહશે.

આજ ભારત ઘઉના ક્ષેત્રમાં આત્મનિર્ભર છે.તેમ છતાં સસ્તી આયાત થી અહીં ઘઉના ભાવો બહુજ નીચે આવી જશે,જેના કારણે કિસાનો ઘઉનું વાવતેર ઘટાડી દેશે.જેનાથી હકીકતમાં ઘઉની ખોટ પડશે.જેથી તેને રોકવામાં નહીં આવેતો આપણે ઘઉના ઉત્પાદનમાં પણ પાછા પડી જઈને આયાત પર નિર્ભર બની જઈશુ.ઘઉ દેશનું મુખ્ય ખાદ્યાન્ન છે.દેશની સુરક્ષા અને ભવિષ્યની દ્રષ્ટિથી પણ આપણે  ઘઉમાં આત્મનિર્ભર બની રહેવુ જરૂરી છે.

જેથી ઘઉની આયાત તત્કાલ રોકવી જોઈએ નહિંતો દેશમાં ઘઉના ભાવ એટલા બધા ઘટી જશે કે પહેલાથી જ ખોટમાં ખેતી કરતા કિસાનો દેવામાં ડૂબેલા છે.તેમનું જીવન વધુ કઠીન બની જશે.

આથી ભારતીય કિસાન સંઘની અ.ભા.પ્રતિનિધી સભામાં આ ઠરાવ પસાર કરીએ છીએ કે.

..૨..

૧. ઘઉંના વર્તમાનમાં આયાત માટે કરેલા તમામ સોદા રદ કરવામાં આવે.
૨. ઘઉંને જે આયાત ડયુટી મુકત કરવામાં આવેલ છે.તેના ઉપર પુનઃ તેટલી આયાત ડયુટી લગાવવામાં આવે કે જેથી આયાતી ઘઉં આવે તો પણ બજારમાં ઘઉંના ભાવો ન ઘટે.
૩. દેશમાં જરૂરી અનાજની અછત થવાની સ્થિતિમાં અત્યંત જરૂરી લાગે ત્યારે તે કૃષિ ઉત્પાદનની નિશ્ચિત માત્રામાં આયાત કરવાની મંજુરી આપી શકાય પરંતુ તેના પર જરૂરી આયાત ડયુટી તો લગાવવામાં આવે જ.
૪. એક વિશેષ સમિતીની રચના કરવામાં આવે જેમાં કૃષિ વૈજ્ઞાનિક અને કિસાન સંગઠનોના પ્રતિનિધીઓ પણ સામેલ હોય.આ સમિતી ધ્વારાએ સમીક્ષા કરવામાં આવેકે કઈ કૃષિ ઉપજોની કેટલી આવશ્યકતા છે.તેના પછીજ જરૂરી જથ્થામાં આયાત કરવામાં આવે.
૫. અન્ય કૃષિ ઉત્પાદનો જેવા કે ફળ,શાકભાજી,ફૂલ,વિગેરે ની આયાત કરવાની જરૂર દેશમાં નથી.આથી તેના પર વધુ ને વધુ આયાત ડયુટી લાગુ કરવામાં આવે.
૬. દેશ માં કૃષિ ઉત્પાદનના જરૂરી માત્રાથી વધુ ઉત્પાદન થાય ત્યારે નિકાસ કરવામાં આવે. જેના પર પ્રોત્સાહન પણ અપાય.
૭. અન્ય દેશોની જેમ ભારતમાં પણ બજાર કિંમત અહીંના કિસાનો માટે લાભદાયી બને એવી નીતિ બનાવવી પડશે.

**<u>ઠરાવઃ—(૨) કિસાન અને ગ્રામની સમૃધ્ધીનો આધાર પર પશુપાલન</u>**

ગામની સમૃધ્ધીનો આધાર ખેતી અને પશુપાલન છે.આ બંને એક બીજા પર નિર્ભર છે.ખેતીમાં પશ્ચિમી યાંત્રીકરણ ના કારણે પશુપાલન સંપૂર્ણ દુર્લક્ષ બની ગયુ છે.જેના કારણે ખેતીમાં ખર્ચ વધતો ગયો અને લાભ ઓછો થતો ગયો.દેશમાં સૌથી વધુ ઉત્પાદન આપવા વાળા નાના—સીમાંત અને ભાડાથી ખેતી કરવા વાળા કિસાનોની ખેતી ખોટનો ધંધો બની ગઈ છે.આના માટે જરૂરી છે કે કિસાનો માટે વધારાની આવક ના સ્ત્રોતનું પણ સર્જન કરવામાં આવે,આ દિશામાં પશુપાલન એક સારુ કદમ થઈ શકે.

**<u>ઉકત મુદ્દાના સંદર્ભ માં ભારતીય કિસાન સંઘ આ માંગણી કરે છે કે ..</u>**

૧. દેશી પશુઓની નસ્લ સુધારવાનું કાર્ય તુરંત શરૂ કરવામાં આવે.
૨. દેશી પશુધનના માટે વિશેષ આર્થિક વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવે.
૩. દેશમા સજીવખેતી યુનિવસિર્ટી ની સ્થાપના થાય જેમાં પશુ આધારીત કૃષિ કાર્યને પ્રાથમિકતા આપવામાં આવે તથા પશુ ઉર્જા ચાલિત સ્ત્રોતો નો શોધ અને વિકાસ કાર્ય થાય.
૪. પશુ આધારીત સજીવ ખેતી ઉત્પાદનના માટે દેશમાં બજારોની વ્યવસ્થા કરવામાં આવે તથા નિકાસના માટે વિદેશોમાં બજારની શોધ કરવામાં આવે.

..................................................જય બલરામ..........................................